ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૭ ૧ જૂન ૨૦૧૬ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - 'સમાધિ'

શ્રી જિન આત્મ પરિણામની સ્વસ્થતાને સમાધિ અને આત્મપરિણામની અસ્વસ્થતાને અસમાધિ કહે છે; તે અનુભવજ્ઞાને જોતા પરમ સત્ય છે. અસ્વસ્થ કાર્યની પ્રવૃત્તિ કરવી અને આત્મપરિણામ સ્વસ્થ રાખવાં એવી વિષમ પ્રવૃતિ શ્રીતીર્થંકર જેવા જ્ઞાનીથી બનવી કઠણ કહી છે, તો પછી બીજા જીવને વિષે તે વાત સંભવિત કરવી કઠણ હોય એમાં આશ્ચર્ય નથી.

સમક્તિ દ્રષ્ટિ જીવને (આત્મજ્ઞાનીને) સહજ સમાધિ છે. સતામાં કર્મ રહ્યા હોય, પણ પોતાને સહજ સમાધિ છે. બહારના કારણોથી તેને સમાધિ નથી, આત્મામાંથી મોહ ગયો તે જ સમાધિ છે. સમક્તિ (આત્મજ્ઞાન) આવ્યા વગર કોઈને સહજ સમાધિ થાય નહીં. સમકિત થવાથી સહેજે સમાધિ થાય. જેની ગ્રંથિ છેદાઈ તેને સહજ સમાધિ થાય કેમકે જેનું મિથ્યાત્વ છેદાયું તેની મૂળ ગાંઠ છેદાઈ; અને તેથી બીજા ગુણો પ્રગટે જ. જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે. સર્વ પરદ્રવ્યથી વૃતિ વ્યાવૃત કરી આત્મા અકલેશ સમાધિને પામે છે. દુ:ખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. ઉપાધિને વિષે વિક્ષેપરહિતપણે વર્તવું એ વાત અત્યંત વિકટ છે; જે વર્તે છે તે થોડા કાળને વિષે પરિપક્વ સમાધિરૂપ હોય છે.

આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તોપણ પરમ સમાધિનુ સ્થાન છે. જે જે પ્રકારે પરદ્રવ્ય (વસ્તુ)ના કાર્યનું સંક્ષેપપણું થાય, નિજ દોષ જોવાનો દ્રઢ લક્ષ રહે અને સત્સમાગમ, સત્શાસ્ત્રને વિષે વર્ધમાન પરિણિતિએ પરમ ભક્તિ વર્ત્યા કરે તે પ્રકારની આત્મતા કર્યા જતાં, તથા જ્ઞાનીનાં વચનોનો વિચાર કરવાથી દશા વિશેષતા પામતાં યથાર્થ સમાધિને યોગ્ય થાય, એવો લક્ષ રાખશો.

જીવને સ્વસ્વરૂપ જાણ્યા સિવાય છૂટકો નથી; ત્યાં સુધી યથા યોગ્ય સમાધિ નથી. ઉપાધિમાં ઉપાધિ રાખવી. સમાધિમાં સમાધિ રાખવી અંગ્રેજોની માફક કામટાણે કામ અને આરામટાણે આરામ. એક બીજાને સેળભેળ કરી દેવા ન જોઈએ. જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે. વિચાર કરીએ તો આ વાત પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે. અનિત્ય પદાર્થ પ્રત્યે મોહ બુધ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. - **શ્રીમદ્ રાજચંદ્ર.**

## ૭૨ જિનાલય (કોડાય)કચ્છના છબી સૂત્રો

અધ્યાત્મનું ક્ષેત્ર જ એવું છે કે જેમાં શબ્દોને ઓછામાં ઓછો અવકાશ છે. વળી એ બુધ્ધિ વિરોધી નથી. ખંડિત મન એ બુધ્ધિનું ક્ષેત્ર છે. અધ્યાત્મ વિષે એટલે જ વાંચવું, વિચારવું ઓછું બને અને પ્રયોગ સાધના વધારે બને એ ઈચ્છવા યોગ્ય છે.

સાદુ જીવન, સરળ વહેવાર પણ તપશ્ચર્યા માંગી લે છે. સરળ સમજણની પાછળ ઊંડો અભ્યાસ હોય છે. જેનું આંતરિક જીવન સમૃધ્ધ હોય, એ જ પોતાના બાહ્ય જીવનમાં સાદાઈ રાખી શકે. જેનું દિલ અને મન ભરેલું હોય, તેને બહારના આધારની જરૂર નથી.

સંબંધોમાં કમિટમેન્ટ અનિવાર્ય છે, પણ કેવું કમિટમેન્ટ ? આ સબંધોને ઉછેરવા માટે, એને વિકસાવવા માટે, એને પૂરતી મોકળાશમાં ખીલવા માટે હું મારાથી બનતું બધું જ કરીશ. એ માટે મારામાં જે કંઈ ઉમેરવું પડે અથવા જે કશાની બાદબાકી કરવી પડે તે બધું જ કરીશ. તમે જાત સાથેનું કમિટમેન્ટ કર્યું હોય તો પછી એ સંબંધોમાં બીજા કોઈ કમિટમેન્ટ કરવાની જરૂરત નથી.

હે ઈશ્વર! આવા કપરા કાળમાં તમે એવા માણસો આપો કે જેમના મન મજબૂત હોય, સાચી શ્રધ્ધાથી ધબકતા ઉદાર હ્રદય હોય અને કામ કરવા માટે જેમના હાથ સદા તત્પર હોય.

તમે સૌ આવો, ફરી ફરી આવો, તમે ગમે તે હો; અગ્નિપૂજક હો કે નાસ્તિક તમે સો વખત વ્રત તોડ્યા હોય તોય હાલ્યા આવો અમારા બારણા વિષાદના બારણા નથી. તમે જેવા છો તેવાને તેવા ચાલ્યા આવો.

Growth begins when we begins to acknowledge and accept our weakness.

આ તે શાંતિ સ્થાપવાની કેવી રીત છે ? પહેલા તેઓ કબૂતર પકડે છે, દિવસો તેને પુરી રાખે છે, અને પછી કોઈ એક ચોક્કસ સમયે તેને ઉડાડીને શાંતિનો સંદેશ આપે છે.

તમે શું હતા એનો વિચાર ન કરો માત્ર એ જ વિચારો કે તમે શું થવા માંગો છો, અને તમે નિશ્ચિત પ્રગતિ કરશો. આનંદ પામવાની કોઈ રેસીપી, નીતિ કે ફોર્મ્યુલા નથી. પુષ્પની પાંદડીઓ ખૂલે અને ખીલે, એમ આપણે આપણા અસ્તિત્વને ખુલ્લું મુકી દેવાનું છે. બાકીનું કામ અસ્તિત્વ કરી આપે એમ બને ખરું. **Created by the Studio V'3- Mb-9870054575 - ઉમેશ નંદુ, દાદર.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

# નિસર્ગોપચાર કેન્દ્ર વિષે ગાંધીજી

આજે તબીબી સારવાર ખર્ચાળ થતી જાય છે. સામાન્ય-મધ્યમ વર્ગને પણ આવી મોંઘી સારવાર પરવડી શકે તેમ નથી. ત્યાં ગરીબ કે પછાત વર્ગની તો વાત જ શી કરવી? આ પરિસ્થિતિમાં પૂ. ગાંધીજીના નિસર્ગોપચાર કેન્દ્ર અંગેના વિચારો અમલમાં મૂકાય તો ઘણું મોટું કામ થઈ શકે.

વાંચકો જાણે છે કે હું, શ્રી જહાંગીર પટેલ અને ડૉ. દિનશા મહેતા સાથે તેમના પૂનામાં આવેલા દવાખાનામાં ટ્રસ્ટી બન્યો છું. આ વર્ષે ૧લી જાન્યુ.થી ટ્રસ્ટની એક શરત છે કે દવાખાનું પૈસાદારોના બદલે ગરીબ લોકો માટે ચલાવવાનું રહેશે. વિચાર મારો હતો પરંતુ હું પ્રવાસમાં હોવાથી મારી ગેરહાજરીમાં શરતનું પૂરેપુરું પાલન થયું નથી. પરંતુ હું આ મહીને પૂના જવાની આશા રાખું છું. મારી તીવ્ર ઈચ્છા છે કે જો પૈસાદાર દર્દી આવે તો તેઓ તેમની પૂરેપુરી ક્ષમતા મુજબ ચૂકવે. અને છતાંય ગરીબોના વોર્ડમાં તેમની જેમ જ રહે. હું માનું છું કે આ પ્રમાણે કરવાથી હવેથી તેઓ વધારે લાભ મેળવી શકશે. જેઓ આ શરત પાળવા ઈચ્છતા ન હોય તેમણે દવાખાને જવાની તકલીફ લેવાની જરૂર નથી. આ નિયમ આવશ્યક છે.

તદુપરાંત તેમની માંદગીની સારવારથી ગરીબ દર્દીઓને પણ કઈ રીતે તંદુરસ્ત જીવન જીવી શકાય તે શીખવા મળશે. આજે તે એક સામાન્ય માન્યતા છે કે કુદરતી ઉપચાર આયુર્વેદ કે એલોપથી કરતાં વધારે ખર્ચાળ છે. જો આ સાચું પુરવાર થાય તો મારે નિષ્ફળતા સ્વીકારવી જોઈએ. પરંતુ હું માનું છું કે આનાથી વિરુધ્ધનું સાચું છે. અને મારા અનુભવો પણ તેનું સમર્થન કરે છે. કુદરતી ઉપચારના દાક્તરની ફરજ છે કે તેઓ માત્ર શરીરની જ કાળજી ન લે પરંતુ દર્દીના આત્મા પ્રત્યે પણ ધ્યાન આપે અને ચિકિત્સા કરે. આત્મા માટેનો સહુથી ઉત્તમ નુસખો રામનામ છે. આજે હું રામનામ લેવાની રીતે કે અર્થમાં નથી પડતો. હું માત્ર એટલું જ કહેવા માંગુ છું કે ગરીબ દર્દીએ વધારે દવા લેવાની જરૂર નથી. કુદરત આપણને શું શીખવે છે તેનું અજ્ઞાન જ તેમને અંધ બનાવે છે. જો પૂનાનો પ્રયોગ સફળ થશે તો ડૉ. દિનશા મહેતાનું નિસર્ગોપચાર વિદ્યાપીઠનું સપનું પાર પડશે.

દેશ માટેના આ મહાન કાર્યમાં ભારતના સાચા કુદરતી ઉપચારના તબીબોની મદદ ખૂબ જ જરૂરી છે. એમાં પૈસા રળવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. ગરીબોની સેવા કરવાના ઉત્સાહથી જે ભરપૂર છે તેવાની જરૂર છે. દાક્તરના પદ માટેનો કોઈ ખાસ માપદંડ નથી. જે સાચો સેવક છે તે જ ખરો તબીબ છે. જેમની પાસે અનુભવ અને જ્ઞાન છે અને સેવા કરવાની આતુરતા છે તે તેમની યોગ્યતાની યાદી સાથે લખી શકે છે. જેમની યોગ્યતા ધોરણ મુજબની નહીં હોય તેમને જવાબ આપવામાં આવશે નહીં. **મહાત્મા ગાંધી.**

(વિશ્વભારતી ગ્રંથમાના લેખનો અનુવાદ)

આમ અહીં જોઈ શકાય છે કે પૂ. બાપુના હૈયે ગરીબ દર્દીઓની કેટલી ચિંતા અને કાળજી હતા! વળી, બિનજરૂરી અને ખર્ચાળ તબીબી સારવારો કરતાં નિસર્ગોપચાર તો સહુ કોઈને પરવડી શકે, પરવડવો જોઈએ.

**- કાલિન્દી પરીખ, અમરેલી**

# મુક્તિનું બજાર

મુક્તિ વેચવા દુકાન માંડી, શેઠ ગુરુ થઈ બેઠા રે
જે જેના ભરમે ભરમાયા, તે તેનામાં પેઠા રે.
પેટ સાટે વાણોતર ઝાઝા, શિષ્ય બનાવી થાપ્યા રે,
વિના પગારે કંઈક જનોને, પટા પહેરવા આપ્યા રે,
અમે ઈજારો રાખ્યો તેનો, તે બીજે નહિ મળશે રે,
ભેગ જુઠનો માલ બતાવી, બીજા તમને છળશે રે.
અમે ભાવ સસ્તા રાખ્યા છે આ દુકાને આવો રે
ખેંચતાણને મતામતીમાં ઝઘડો ખૂબ જમાવ્યો રે,
સાખ્ય બતાવા દુકાન કેરી, ઘણા ઘરાકો થાવા રે,
આ પ્હાણા કે કાષ્ટ ધાતુમાં, મુક્તિ અમે ભરી છે રે,
મુવા પછીથી મળે તમોને તેવી જુકિત કરી છે રે..

**-શ્રી મણીલાલ બકોરભાઈ વ્યાસ. (તંત્રી વા.મો. શાહ જૈન હિતેચ્છુ-સને ૧૯૦૭ જુન. પૃ.૧) સૌ. સંધ્યાબેન પંડ્યા, વડોદરા.**

# હોય નહી સંતના ઢગલા

પાંચીકાના હોય હોય નહી કદી સંતના ઢગલા
સંત સહુને મુક્તિ વહેંચે નહી વાઘા નહી ડગલા - હોય નહી
કેવળ હસ્તી ગરીબાઈ કે ગરથ અડે નહીં કશા,
નિજમાં નિજની મબલખ મસ્તી-કેવી ઉન્મય દશા
ટેવે સહુને એ સરખા એને નહી અરિ નહીં સગલા-હોય નહી
આજ કોઈને ફળીયે કાલે કોઈ અરણ્યે જડે
પડે નૈ સહેજે ખુદનો ડાઘો એમ જગતને અડે
પડે નૈ સહેજે ખુદને ડાઘો એમ જગતને અડે
દુર્લભ એ દરવેશ જેના કાળ સાચવે પગલા
હોય નહી કદી સંતના ઢગલા.

**- રમેશ પારેખ, સૌ. અરૂણ ભટ્ટ, વડોદરા**

# આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - ૭૨ જિનાલય સૂત્રો | ૧ |
| નિસર્ગોપચાર કેન્દ્ર વિષે ગાંધીજી | ૨ |
| મુક્તિનું બજાર - મણીલાલ વ્યાસ | ૨ |
| હોય નહી સંતના ઢગલા, રમેશ પારેખ | ૨ |
| તંત્રી સ્થાનેથી - પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ. | ૩-૪ |
| દુષ્કાળ સામે ઝઝુમતા ભડવીરો. | ૫ |
| સેવા રૂરલ ઝઘડિયા | ૫ |
| રહેના નહી દેશ બિરાના હૈ | ૬ |
| ભારતના શ્રેષ્ઠ ગોસંવર્ધકો | ૬ |
| પત્ર પ્રસાદી - પીનકોડ - લવાજમ | ૭ |
| દિવાલ પર કોફી, - **ડૉ. આઈ. કે. વીજળીવાળા** | ૮ |


જ્ઞાનના ઉજાસ સામે બીજા પ્રકાશ ગૌણ છે.

## તંત્રી સ્થાને

# ''પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીવ''-મીરાબાઈ

આ અંકથી ગોરક્ષાપાત્રમાં 'પ્રેમનો પીયાલો તમને પાઉં ને પીવ' એ નામથી એક નવી શ્રેણી લેખમાળા શરૂ કરીએ છીએ. નિજ અનુભવ અને સાધના વિષેની અમારી યાત્રાની સત્સંગ ગોઠડી વાંચકો સાથે કરવાની ભાવના છે.

આ માટે કેટલાક મિત્રોનું સુચન હતું ખાસ તો કેટલાક સાધકો, સાધુઓએ ક્યારેક સુચન કે ભાર દઈને આગ્રહ કરીને પણ કહેલ કે આપ આજે જે અધ્યાત્મના નામે ચાલી રહ્યું છે એ વિષે કંઈક જે તમારો અનુભવ છે એ વિષે લખોને, ન લખવું જોઈએ? પણ આ માર્ગે જતાં આશય સારો હોવા છતાં ક્યાંક કોઈની ટીકા-નિંદા ન ઈચ્છીએ છતાં આવી જવાની પુરી શક્યતા છે. અધ્યાત્મ માર્ગમાં કોઈની ટીકા-નિંદા કરવાની મનાઈ છે. હજી આપણામાં પણ ઘણા દોષો છે ત્યાં બીજાના શું જોવા? હા, કોઈની ભૂલ દેખાય તો અને કહેવા જેવું લાગે અને વ્યક્તિની સત્ય જાણવાની જિજ્ઞાસા હોય તો જરૂર એ વ્યક્તિને જ કહેવું, ટકોર કરી શકાય પણ લખીને કે બોલીને કોઈને વિષે કશું કહેવું એ અનુભવ પછી શક્ય નથી અને કહેવું પણ ન જોઈએ. કેમકે દરેક વ્યક્તિમાં કાંઈક શુભતત્વ તો હોવાનું જ. આમ પણ નિંદા કરવી એ શક્તિનો વ્યય છે. એટલે પછી આપણા વિષે જ જે જાણીએ છીએ યાત્રા કરી છે તેની વાત માંડીએ એમ આ લેખ માળા શરૂ થાય છે.

અમારી સાધનાની યાત્રા ૧૯૮૨ ના એક ભયંકર ટ્રેન અકસ્માત જેમાં બચવાની શક્યતા લગભગ નહિવત હતી એમાં બચી ગયા પછીથી શરૂ થઈ. આવું આમતો ઘણાના જીવનમાં બને છે, એવા બનાવો આશ્ચર્યકારક લાગે છતાં એ કુદરતની લીલાનો એક ભાગ છે એમાં નવું કશું નથી. પણ આવી ઘટના પછી સત્યના માર્ગે યાત્રા શરૂ થાય એ જરૂર એક વિશેષ વાત છે.

અમારી સાધનાનો પાયો છે અંતર અવાજ. Inner Voice એ અવાજ પ્રમાણે યાત્રા ચાલી અને ચાલી રહી છે.

એક સ્પષ્ટ અવાજ આવેલ કે ''એક વરસ મૌન થઈ જા'', જીવનમાં ક્યારેય એક કલાકના મૌનનો પ્રયોગ પણ નહોતો કર્યો. છતાં આ અવાજ પ્રમાણે પ્રયોગ થયો અને નિર્વિઘ્ન રીતે સફળ રીતે પુરો પણ થયો.

સાત જણાનો પરિવાર-આજીવિકાની જવાબદારી અમારી એક ઉપર જ, ખિસ્સામાં કોઈ બચત નહિ છતાં આ મૌનનો પ્રયોગ થયેલ.

મૌન-એકાંત-અસંગતાના પ્રયોગો આ પછી અવારનવાર થતા રહ્યા. એની વચ્ચે થોડા સેવા કાર્યો - ગોરક્ષા - ખેતી - તળાવો કરવા, ચેકડેમ કરવા, છાશ કેન્દ્રો, પશુ દવાખાનું વિ. સત્કાર્યો પણ સહજ થતા રહેલા. નાના પ્રમાણમાં આપણી અંતરમુખતા અને આનંદ જળવાઈ રહે એ પ્રમાણમાં આ કાર્યો થતા રહ્યા છે. મિત્રો- સજ્જનો પાસેથી સહજ આર્થિક સહયોગ મળતો રહ્યો છે. આ કાર્યો માટે મુસાફરી ખર્ચ સિવાય કોઈ માનધન કે પગાર ક્યારેય લીધા નથી. પારિવારિક ગુજરાન તો નાની એવી સંસ્થાની નોકરી કરી થતું રહેલું.

અમે ક્યારેય સાધના માટે સ્થળોની પસંદગી નથી કરી. સહજ જે મળ્યા તે પ્રભુકૃપા જ સમજી છે. પણ મૌન એકાંત-અસંગતાના શ્રેષ્ઠ ચાર્જવાળા સ્થળો અમને ગુરુકૃપાથી સહજ સતત મળતા રહ્યા છે.

ચારેક વખત ક્યારેક ૪, ક્યારેક ૬, કે એક વખત સતત ૯ મહિના એમ મૌન સાધના, મહાવીર નગર, ચિંચણી, તા. પાલઘર, મુનિશ્રી સંતબાલજીની સમાધિ સ્થળે નાની એક ભાંગી તુટી, કોટડીમાં જ્યાં લાઈટ પાણીની સગવડ નહોતી ત્યાં થઈ. અદભૂત રહ્યા એ અવસરો.

૨૦૦૬માં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ઈડર (ઘંટીયા પહાડ) માં નીચે પગથિયા શરૂ થાય છે ત્યાં ઝાડી પાછળ ચંદ્રપ્રભુ સ્વામીનું સુંદર મંદિર છે તેની નીચે એક ગુફા છે ત્યાં ચાર્તુમાસ થયું. આ ગુફામાં પ્રથમ સાધનાનો અવસર અમને મળ્યો અને આ પછી આજ સુધી ત્યાં કોઈ બીજાએ સાધના કરી નથી.

આ ચાર્તુમાસમાં રોજ એકવાર પગથિયા ચડીને ઉપર આશ્રમ રસોડે ભોજન લેવા જવાનું થતું. પાણી રોજ એકવાર ટ્રોલીમાં નીચે આવી જતું.

અહી લાઈટ તો હતી નહિ. પ્રથમ દિવસે ઘી નો દિવો આપેલ તે રાતે કરેલ. સવારે જોયું તો નકરી કીડીઓ હતી દિવામાં પછી કાયમ માટે ફાનસ કે દિવો કરવાનું બંધ કરેલ. ગુફાને દરવાજો છે, બહાર મોટું ચોગાન ટહેલવા માટે સરસ છે. ઈડરમાં એકાદ વાઘ-ચિતાઓ રહેલા ઘણાએ જોયા છે. એમનો અમને અનુભવ નથી થયો પણ નિર્ભયતા તો સહજ આવી ગયેલ તેથી ડર નહોતો. અહિં એક નિર્ણય થયો કે સર્વ સંગ પરિત્યાગ-દીક્ષા તો જરૂરી છે. એ વિષે ઈડરના એક ટ્રસ્ટીને વાત કરેલ. યોગેશભાઈ સાથે પણ વાર્તાલાપ થયેલ. દીક્ષા ન થાય તો પણ હવે પછી ગોચરી-ભિક્ષાના પ્રયોગથી સાધના થાય તો જ કરવી નહિતર ઘર ભેગા થઈ જવું એવો નિર્ણય થયેલ. ઈડર આશ્રમમાં સંસ્થાના રસોડેથી જ ગોચરી કરીને રહેવાની છુટ હતી પણ અમને એ માન્ય નહોતું એક જ ઠેકાણેથી ભિક્ષા કેમ થાય? એટલે એ મુલતવી રહ્યું.

આ રીતે રહેવાની અમદાવાદમાં મલુકચંદ રતીલાલ શાહના બંગલાના ગેરેજમાં મંજુરી મળી. પણ પછી કોઈ કારણસર એ પણ શક્ય ન બન્યું. ભગવાનના ભક્તને કોઈ રાખવા તૈયાર નહોતા અને અમે હસતા હતા. છેવટે ૨૦૦૭નું ચાર્તુમાસ-રણાપુર- જિ. વડોદારા નર્મદા કિનારે જ્યાં ૧૯૩૭ માં એક વરસ મુનિશ્રી સંતબાલજીએ મૌન કરેલ, જે સ્થળમાં રંગ અવધુત મહારાજ, સંત માધવદાસજી, માટલિયાજી, હરિદાન મહારાજ એમ અનેક સંતો રહેલા ત્યાં થયું. ગામમાં જૈનોની વસતી નથી. પટેલોની વસતી છે. એક વાર ગોચરી પાણી લઈ આવતા અને ચાર્તુમાસ પૂર્ણ થયા પછી એક મહિનો માલસર વિષ્ણુભાઈ પંચાલના આંબાવાડિયામાં આમ જ રહેવાનું થયું.

નર્મદા પરિક્રમાનો એક વિશેષ મહિમા છે. લગભગ દરવરસે ૧ થી દોઢ લાખ વ્યક્તિઓ એમાં સાધુ સન્યાસી ગૃહસ્થો બધાં જ નર્મદા પરિક્રમા કરે છે. આ પરિક્રમાનો નિયમ છે ૩ વરસ, ૩ મહિના, ૧૩ દિવસમાં નર્મદા પરિક્રમા પુરી કરવી પણ બધાને એવી અનુકુળતા ન હોય તો ઘણા-ચાર-છ-બાર મહિનામાં પરિક્રમા પુરી કરે છે.

અમારી સામે રોજ પરિક્રમાવાસીઓ નીકળતા અમને થતું આ બધાં નકામા ટાંટિયા ભાંગે છે. આમ કંઈ ભગવાન થોડા મળવાના છે! આ અમારો ભાવ રહેતો પણ માલસર એક મહિનો રહેવાનું થયું ત્યારે એક અવાજ આવ્યો ''તમે નર્મદા પરિક્રમા કરો.''

આ અંતર અવાજ અમારી સાધનાનો મુખ્ય પાયો હતો, છે અને રહેશે. આ સાધન બધા જ સાધક વ્યક્તિ પાસે હોય જ છે. અમારી વિશેષતા એ રહી કે એ અવાજને અમે સ્પષ્ટ પકડી શકતા અને એમાં જે સુચન હોય એને ક્યારેય બુધ્ધિના ત્રાજવે તોળવું નહી. કાં તો અવાજ મુજબ યાત્રા શરૂ કરવી અન્યથા ઊભા રહેવાનું પણ દિશાફેર નહીં કરવાનો અને એમ જ ત્રીજા દિવસથી કન્યા ભોજન કરાવીને માલસરથી નર્મદા પરિક્રમા શરૂ થઈ અને લગભગ ૧૪૫ દિવસમાં માલસરમાં જ પુરી થઈ. નર્મદા પરિક્રમાનો નિયમ છે જ્યાંથી શરૂ કરો ત્યાં પુરી કરવાની. નદીનાં એક જ કાંઠે ચાલવાનું નદી ક્યાંય ઓળંગવી નહિ.

રંગ અવધુત મહારાજ કહેતા કે ઈશ્વર છે કે નહિ તેનો અનુભવ કરવો હોય તો એકવાર નર્મદા પરિક્રમા જરૂર કરવી. પરિક્રમાનો અનુભવ કરીએ તો જ આ સમજાય છે. અસ્તિત્વની કેટલી વધી જડબેસલાક વ્યવસ્થા છે, અસ્તિત્વ-કુદરત કેટલી બધી સતત આપણા યોગક્ષેમની કાળજી રાખે છે એ અનુભવ આ પરિક્રમામાં સાધકને થાય છે. એક પૈસા વગર-પૈદલ લગભગ ૨૮૦૦ કિ.મી. ની આ યાત્રા થઈ, શ્રધ્ધાનો પાયો મજબૂત બન્યો.

આમ પહેલીવાર સતત તેર મહિના ઘર પરિવારથી દૂર રહેવાનું બન્યું. પુત્રીના લગ્ન થઈ ગયેલા. બે પુત્રોના લગ્ન અમારી ગેરહાજરીને લીધે અટકતા હતા. એટલે ૨૦૦૮માં પાછા ઘરે આવ્યા. ૨૦૦૯ મે સુધીમાં બંનેના લગ્ન થઈ ગયા અને ૨૦૦૯ જુનથી લગભગ સાડા ચાર વરસનો ૨૦૧૪ સુધીનો વગર દિક્ષાએ જૈન દિક્ષા જેવું જીવન જીવ્યા. અદભૂત રહ્યો એ પ્રયોગ વગર પૈસે-કુદરતના સહારે વધારે સારી રીતે આપણે જીવી શકીએ છીએ. કુદરત સતત આપણને સહાયરૂપ થાય છે એ અનુભવ થયો. કુદરતની એક અદભૂત વ્યવસ્થા છે એ સમજાય છે. આપણું યોગક્ષેમ કુદરતના સાનિધ્યમાં વધારે સારી રીતે સચવાય છે અને સાધકને સાચી સલામતીનો અહેસાસ-અનુભવ કુદરત કરાવે છે.

આ છેલ્લી યાત્રાનો ઉદેશ હતો વિધિવત સન્યાસ દીક્ષા લેવી. પણ અનુભવ પછી એક વાત સ્પષ્ટ સમજાય છે કે દીક્ષા-સન્યાસ તો અદભૂત સાધન છે. ઓશો સન્યાસને હિમાલયનું ગૌરી શંકર કહેતા. ઓશો કહેતા ભારત તરફથી કોઈ શ્રેષ્ઠ ભેટ આ વિશ્વને હોય તો તે છે સન્યાસ. આટલું બધું પરમ શ્રેષ્ઠ આ સાધન છે. એ અમે પણ અનુભવ્યું છે. પણ દીક્ષા તો કોઈ આત્મજ્ઞાની પાસે લેવાય તો જ અને તો જ સફળ થાય અન્યથા એ દીક્ષા પણ નિષ્ફળ જાય. અનુભૂતિ પછી સંપ્રદાયમાં રહેવું કે સંપ્રદાય કરવો એ શક્ય નથી સાધક માટે.

આ યાત્રામાં જૈન-જૈનતર એવા અનેક સાધુ ભગવંતો-સન્યાસીઓનો મેળાપ થયેલ. પણ બધાને મુંડવામાં જ રસ હતો. હજી સુધી સાચા એક પણ આત્મજ્ઞાનીનો ભેટો થયેલ નથી. એટલે દીક્ષાનું કાર્ય હમણા તો મુલતવી રહ્યું છે પણ એ ભાવ સતત આજે પણ હૃદયમાં રહે જ છે. કુદરત ગોઠવશે ત્યારે થશે.

સંપ્રદાય એક સારી વ્યવસ્થા છે જૈન સંપ્રદાયમાં તો એના માટે અદભૂત વ્યવસ્થા છે. આપણે આપણી જાતને ઓળખી શકીએ. સ્વસ્વરૂપનો અનુભવ કરી શકીએ એટલે દરેક સંપ્રદાયો આપણા યોગક્ષેમની પુરી વ્યવસ્થા કરી આપે છે. ''જાવ, તમે તમારા સ્વરૂપને ઓળખો'' સાધકની સલામતીથી પુરી વ્યવસ્થા સંપ્રદાય સમાજ સંભાળે છે પણ સદગુરુની નિશ્રામાં એ સાધના થતી નથી એટલે કાર્ય સિધ્ધિ થતી નથી. આ હાલત દરેક સંપ્રદાયમાં આજે છે અને એવું પ્રાય કાયમ રહેવાનું સંપ્રદાય સાધન ખોટું નથી. આપણે આપણા કે સમાજના હિતમાં એનો ઉપયોગ નથી કરતાં એ સાધક ની ભૂલ છે, સંપ્રદાયનો દોષ નથી.

અનુભવ-અનુભૂતિ પછી આત્મજ્ઞાનીની ઓળખાણ સહજ સાધકને થઈ જાય છે એ આત્મજ્ઞાનની વિશેષતા કહો, સિધ્ધિ કહો દરેક અનુભવી પાસે હોય જ છે. બીજી સિધ્ધિઓ હોય કે ન હોય, સિધ્ધિ કશી જ ન હોવી એ પણ એક બહુમૂલ્ય સિધ્ધિ છે, પણ સહજ ગમે તેવા કહેવાતા સદ્ગુરુ - આત્મજ્ઞાની સાચા છે કે માત્ર આ દાવો જ છે એ અનુભવ પછી સાધક સહજ જાણી શકે છે. આ બહુમૂલ્ય સિધ્ધિ છે, સાધકની એટલે જ શ્રીમદ્જી કહે છે, ''આત્મજ્ઞાનીની ઓળખાણ સહજ હોત તો મોક્ષપાટણ સુલભ હોત''.

અમને પરિક્રમા અને પ્રયોગ પછી એકવાતની સ્પષ્ટ પ્રતીતિ થઈ છે કે 'અસ્તિત્વ' જેટલી સાધકની સલામતીની કાળજી રાખે છે એવી કોઈ સલામતી સંપ્રદાય-પદ-પ્રતિષ્ઠા-પૈસા-કુંટુંબ પરિવારમાં નથી જ એટલે જ ક્યાંય હજી સુધી ભેખડે ભરાવવાનું થયું નથી. આજ રહી અમારી સફળતા વિશેષતા.

આ યાત્રામાં કેટલીક ડાયરીઓ, નોંધો, પત્રો વિ. લખાયેલા છે. હવે પછી અમે જે રસોવૈસ માણી રહ્યા છીએ એનું થોડું થોડું આચમન આ માધ્યમે સહુને ''ગમતું મળે તો એલા ગુંજે ન ભરીએ ગમતાનો કરીએ ગુલાલ'' (મકરંદ દવે) એમ વહેંચતા રહેશું.

એક સ્કુલમાં આ પ્રાર્થના છે. ચાલો માણીએ.

**"Make god your guru."**

Make your Guru. Let him tell what to do.
Listen His calling calling you. Take time to listen have courage to obey.
The Inner voice is calling calling
Inner voice is calling calling you.
There are voices all around me
my enemies and my friends.
Do this don't do that. The chorus never ends.
But I will always listen.
To the quiet inner voice.
It's swift and definite and I have made my choice.

## મનઝરૂખો...

જાપાનમાં પર્વતના ઢાળ પર કે સાંકડી ગલીમાં માણસ ઠેલાગાડી જેવી રીક્ષામાં જતો હતો. સહુએ આઈનસ્ટાઈનને કહ્યું કે, 'તમે આ રીક્ષામાં બેસો' અને ત્યારે આઈનસ્ટાઈને સ્પષ્ટ ઉત્તર આપ્યો,

'બીજા કોઈ માનવીને પ્રાણી તરીકે વાપરવાની અને એને ખેંચવાની પરવાનગી હું કદી આપું નહીં.' અને આઈનસ્ટાઈન ચાલીને જાપાનની સાંકડી ગલીઓમાં ઘૂમતા રહ્યા અને પર્વતના ઢાળ ઉપર ચડતા રહ્યા.

**સ્મશાનની બહાર લખેલું સુંદર મજાનું સત્ય:**
**અંદર સૂતેલા દરેકને એ 'ભ્રમ' હતો કે મારા વગર આ દુનિયા ચાલશે જ નહીં.**

# દુષ્કાળ સામે ઝઝુમતા ભડવીરો

મહારાષ્ટ્રનાં મરાઠાવાડા વિસ્તારમાં સતત બીજા વર્ષે પણ સરેરાશ કરતા ઘણો ઓછો વરસાદ પડતા ભયંકર દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ છે. પીવાના પાણીની સમસ્યા ઘણી મોટી છે. આ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા અભાવગ્રસ્તોને મદદ કરવા ફિલ્મ અભિનેતા નાના પાટેકર અને મકરંદ અનાસપુરે એ નામ ફાઉન્ડેશનની સ્થાપના કરી. શરૂઆત એમણે બીડ જિલ્લાના આત્મહત્યા કરેલ ખેડૂતોની વિધવાઓને સહાય આપવા ઝુંબેશ ચલાવી જેનો લોકોએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો. જાણીતા અભિનેતા અક્ષયકુમાર સહિત ફિલ્મ જગતની કંઈક નામાંકિત હસ્તીઓએ આર્થિક યોગદાન આપ્યું. સમાજસેવક બાબા આમટેના સુપુત્ર અને આનંદવન સંસ્થાના પ્રમુખ ડો. વિકાસ આમટેએ ખેડૂતો કાયમી ધોરણે સ્વાવલંબી બને એવા પ્રયત્નો કરવાનું કહ્યું.

દુષ્કાળગ્રસ્ત બીડ, લાતુર અને ઉસ્માનાબાદની મુલાકાત લઈ ખેડૂતોની સમસ્યાઓ પ્રત્યક્ષ જાણવામાં આવી અને એના નિવારણ માટે પ્રથમ પગલા સ્વરૂપ એક ગામ દતક લેવાનું નક્કી કર્યું.

સંરપંચ-ઉપ સરપંચની બિન હરીફ ચૂંટણી કરાવી અને ૪૫ દિવસમાં ૩૦૦ શૌચાલયો બાંધી લોળંદ ગામે આ માટેનો મજબૂત દાવો ક્ર્યો અને નામ ફાઉન્ડેશને તેને દત્તક લીધું. બીડથી લોળંદનું અંતર ફક્ત ૧૫ કિ.મી. છે પણ ત્યાં જવા પાકો રસ્તો નથી અને ધૂળિયા રસ્તા પર બસ સર્વિસ પણ નથી. ૩૦૦ ખોરડા અને ૧૫૦૦ જેટલી માનવ વસ્તી ધરાવનાર ગામની પાસે બિંદુસરા નામની નદી વહે છે જેના પર એક ખખડધજ બંધારો હતો જે ૧૫ વર્ષ પહેલા તૂટી ગયો અને ત્યારથી ગામમાં પાણીની સમસ્યાનો જન્મ થયો.

પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે લોકોના શ્રમદાનથી દોઢ કિ.મી. લાંબો અને ૩૦૦ ફૂટ પહોળો એક બંધ ફક્ત ૪૫ દિવસમાં બાંધવામાં આવ્યો. જેની અંદાજિત ખર્ચ તો ૪ થી ૫ કરોડ રૂ. હતો પરન્તુ લોક ભાગીદારીથી ૨૦ લાખમાં કાર્ય પૂર્ણ થયું. લોકોએ વ્યક્તિદીઠ ૧૦૦રૂ. અને હેક્ટર જમીન દીઢ ૫૦૦ રૂ. લોકફાળો આપ્યો જ્યારે બાકીનો ૭૦% ખર્ચ નામ ફાઉન્ડેશન આપ્યો. આ વર્ષની શરૂઆતમાં ૬ જાન્યુઆરીએ એનું લોકાર્પણ થયું.

આ ઉપરાંત નાના પાટેકરે જોયું કે બસના અભાવે વિદ્યાર્થીઓને સ્કૂલે ચાલતા જવું પડે છે. એટલે ૪૦ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી સાઈકલો ભેટ આપી. વિધવાઓને સિલાઈ મશીન આપી એમને આર્થિક રીતે પગભગ થઈ શકે તે માટે પ્રયાસ કર્યો.

સયાજી શિંદે નામના જાણીતા અભિનેતા ખેડૂતો માટે કંઈક કરવા ઈચ્છતા હતા. સયાજી શિંદે મૂળ સતારા જિલ્લાના. અહીનો માણ તાલુકો દુષ્કાળ માટે પ્રસિધ્ધ. સયાજી શિંદેએ આ તાલુકાના પાંઠરવાડી, દિવડી, ગોડસેવાડી અને કોળેવાડી પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને આજે આ ચારે ગામોની કાયાપલટ થઈ છે.

શિંદેએ સૌપ્રથમ ગામના યુવા વર્ગને વિશ્વાસમાં લીધો ત્યારબાદ તેમના દ્વારા જિલ્લા પરિસદનો પણ સહકાર મેળવ્યો. સયાજી શિંદેએ ગામની જ્યારે પહેલી મુલાકાત લીધી ત્યારે સાથે પોકલેન (ખાડો ખોદવાનું મશીન) સાથે લઈને ગયા હતા. એ મશીનની મદદથી ગામમાં ૬ બંધારા બાંધવામાં આવ્યા. નવાઈની વાત એ બની કે બંધારા બન્યા તેના થોડા જ દિવસમાં ત્યાં અડધો કલાક વરસાદ પડ્યો અને વરસાદનું લાખો લીટર પાણી વહી જવાને બદલે બંધારાને લીધે જમીનમાં ઉતર્યુ તેથી જમીનમાં પાણીનુ સ્તર ઊચું આવ્યું. જે ગામમાં નવેમ્બર મહિનાથી જ ટેન્કર શરૂ થઈ જતા હતા ત્યાં માર્ચ મહિના સુધી ટેન્કરની જરૂર ન પડી.

શિંદેના આ કામને પ્રસિધ્ધિ મળતા દાતાઓની લાઈન લાગી પણ શિંદેએ દાતાઓને ફક્ત પૈસા નહિ પણ પોતાનો સમય આપવા પણ જણાવ્યું. લોકોને પણ સમજાવ્યું કે બહારના લોકોના પૈસા પર આધાર રાખશો તો પરાવલંબી બની જશો માટે જાતમહેનત કરો.

દુષ્કાળ સામેની લડાઈ લાંબી ચાલવાની છે એટલે એમણે એ માટે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની એક ટીમ બનાવી. આ ઉપરાંત આ ગામોમાં માનવીને તથા પશુપંખીઓને આશરો આપે એવા વડ, પીપળો, બોર જેવા વૃક્ષોનું વૃક્ષારોપણ કરાવ્યું. મુંબઈમાં રહેતા મુળ માણ ગામના વતની આમાં સહભાગી બને એ માટે મુંબઈમાં એક સંમેલન બોલાવ્યું. જેમાં મુખ્ય સચિવ દેશમુખ સહિત અનેક સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને ગામને પોણા બે કરોડ રૂપિયાની મદદ મળી.

થોડાક લોકોના સહિયારા પ્રવાસથી દુષ્કાળનો કેટલી સફળતાપૂર્વક સામનો કરી શકાય છે અને ગામોની સંપૂર્ણ કાયાપલટ થઈ શકે છે એ નામ ફાઉન્ડેશનના નાના પાટેકર અને મકરંદ અનાસપૂરે તથા મરાઠી અભિનેતા સયાજી શિંદેએ બતાવી આપ્યું છે. આશા છે આ લોકોની સફળતાનો દાખલો લઈ બીજા ગામો પણ પાણી માટે સ્વાવલંબી બને અને દુષ્કાળને મ્હાત કરે. **શાંતીલાલ ગડા**

# સેવા રૂરલ ઝઘડિયા

## સત્યના પૂજારીએ ખબરદાર રહેવું પડે

એક કાર્યકર જે છેલ્લા પાંચ-છ વર્ષથી નાણાંકીય વહીવટ સંભાળતા હતા. ભારતના દૂરના રાજ્યના એ વતની, તેમને કૌટુંબિક પ્રશ્નો પણ ખરા. અચાનક ‘મા બિમાર છે જલ્દી આવો’ તેવો તાર મળતાં અમારા એ સહકાર્યકર વતનમાં ગયા. રજાઓ પૂરી થઈ, પાછા ફર્યા નહી, તપાસ કરતાં સત્ય બહાર આવ્યું. હિસાબોમાં ચાર લાખનો ગોટાળો ક્ર્યો હતો. ખૂબ ઊંડો આઘાત લાગ્યો.

ગાંધીજીની ટકોર ‘‘સત્યના પૂજારીએ તો ખબરદાર રહેવું જોઈએ.’’ સત્યના આગ્રહની સાથે સાથે સંસ્થાના વહીવટ માટે અમારે ખબરદાર રહેવું જોઈતું હતું. અમે ક્યાંક ચૂક્યા હતા, એનું અમને ભાન થયું. અમે આ દુ:ખદ ઘટનાની વાત સ્ટાફ મીટીંગમાં કરી. અમારી નબળાઈ-મર્યાદાનો સ્વીકાર ક્ર્યો. મિત્રો અને શુભેચ્છકોને પત્રો લખ્યો. કેટલાંકે કહ્યું કે સંસ્થા છે આવું તો ચાલ્યા કરે, તમે લોકો વધારે પડતા ચીકણા છો. ગોટાળાની રકમને ‘રાઈટ ઓફ’ કરી દો. પણ... અમારું મન માનતું નહોતુ. ગાંધીજીની વાત ‘‘ટ્રસ્ટીએ સંસ્થાની સંપત્તિ એ સમાજની સંપત્તિ છે એમ સમજી વહીવટ કરવો જોઈએ. તેનો પાઈ પાઈનો હિસાબ રાખવો...’’ ની યાદ ફરી તાજી થઈ. આ સિધ્ધાંતના અમલમાં કંઈક ચુકાઈ જવાયું. ખોટાં વાઉચર ન મૂકવાં, કાળાબજાર - બે નંબરનું નાણું ન સ્વીકારવું વગેરે વાતોનું ધ્યાન રાખતા હતા. પણ ખબરદારી... ચોક્કસાઈમાં ઢીલા પડયા.

ખેર, પણ આ રકમ અમે સૌએ ભરપાઈ કરવાનું નક્કી કર્યું. ટ્રસ્ટીઓએ મોટાભાગના પૈસા ધીરેધીરે ભરી દીધા. કાર્યકરોએ

પોતાનો એક દિવસનો પગાર આપ્યો, પરિણામે બધી ખોટ ચાર વર્ષમાં ભરપાઈ થઈ.

**તંત્રી નોંધ :** સેવા રૂરલ જેવી જાગૃતિ હોય ત્યારે સેવા ઊગી નીકળે છે. ભૂલનો ખેદ થયો એટલું જ નહિ 'રાઈટ ઓફ' કરવાનો બદલે 'રાઈટ ડીસીઝન' લઈ સહુએ રકમ પોતાના ખીસ્સામાંથી ભરી દીધી. સેવા રૂરલને 35 C.C. હેઠળ ૧૦૦% રાહત પણ મળે છે. એક વાર એક દાનવીરે કીધું કે અમારે સંસ્થાને કરોડનું દાન આપવું છે. મળવા આવ્યા કીધું કે અમે કરોડ આપીએ તમે ૫૦% રકમ પાછી આપો. એ તમે એડજસ્ટ કરી લેજો. ટ્રસ્ટીએ સ્પષ્ટ કીધું કે અમારી સંસ્થા એવા વ્યવહાર કરતી નથી. અમને એવા દાનની જરૂર પણ નથી. આવી ઓફર મળી એનો અર્થ એ થયો કે આવું પણ કોઈક સંસ્થામાં થતું હશે ખરુંને ?

સેવા આપણે કોઈની કરી શકતા જ નથી. આપણે માત્ર આપણી જ સેવા કરીએ છીએ. આ લક્ષે સેવા કરવા જેવી છે. અન્યથા એ બંધનનું કારણ બને છે.

## રહના નહીં દેશ બિરાના હૈ

પતિપત્ની બાળક સાથે પ્રવાસમાં નીકળે છે. હૉટેલમાં ઉતરે છે. બે દિવસ પછી બાળક કહે છે, 'મમ્મી, આપણે ઘેર બેઠક ખંડની દીવાલ પિન્ક રંગની છે. આ દીવાલને પિન્ક રંગથી રંગાવીએ તો! આપણા ખંડમાં દીવાલ ઉપર કારટૂનનું ચિત્ર લટકાવ્યું છે, તો અહીં પણ એવું ચિત્ર મુકાવવું છે?' મમ્મી કહે છે, 'બેટા, આ આપણું ઘર નથી. બીજાનું છે. બે દિવસ પછી છોડીને જતા રહેવાનું છે.'

જે બીજાનું છે, પારકું છે, તેના પર મમત્વ બતાવવું કે સ્વામિત્વની ભાવના બતાવવી સર્વથા અનુચિત છે. તેથી સંત કબીર કહે છે :

રહના નહીં દેસ બિરાના હૈ
યહ સંસાર કાગદકી પુડિયા
બૂંદ પડે ગલ જાના હૈ...

જેને એક વરસ માટે અમેરિકામાં વસવાટ કરવાના વિઝા મળ્યા હોય, એ હંમેશ માટે ત્યાં અડિંગો જમાવીને રહી શકે નહિ. ઈહલોકમાં પગરણ માંડતા મનુષ્યે સમજી લેવું ઘટે કે સાંસારિક જીવન ક્ષણભંગુર છે. એ પારકો દેશ છે. અજાણ્યો દેશ છે. જન્મ-મરણ રૂપ અસાર સંસાર છોડીને એણે પરમાનંદ સ્વરૂપની પ્રાપ્તિમાં ચિત્તને પરોવવાનું છે.

હૉટલમાનું રોકણ ચાર દિનની ચાંદની છે. ત્યાંની દીવાલોને ગુલાબી રંગથી શોભાયમાન કરવાનો અભરખો શા માટે રાખવો? કબીર કહે છે કે સંસાર નાનો સરખો કાગળનો પડો છે, જે પાણીનાં ટીપાંથી ઓગળી જાય. આવી ચંચળ ને અસ્થાયી વસ્તુ માટે મમત્વ રાખવું વિવેકબુદ્ધિવાળા મનુષ્ય માટે યોગ્ય નથી.

**- શાંતીલાલ ગઢિયા, વડોદરા.**

**આ અંકનું સૌજન્ય**
**દ્વારકેશભાઈ રાજ, પેસીફીક, ૯મો રસ્તો, જેવીપીડી, જુહુ સ્કીમ, વિલેપાર્લે, મુંબઈ - ૫૬. તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.**

## ભારતના શ્રેષ્ઠ ગોસંવર્ધકો - રબારીઓ....

ભારતમાં ગીરની ગાયોનું સૌથી મોટુ આશ્રયસ્થાન મધ્યપ્રદેશના શિવપુર જિલ્લાના ''ગોરસ'' પ્રદેશમાં આવેલુ છે જેની ગોવિજ્ઞાન ભારતીના સુપ્રસિધ્ધ વૈજ્ઞાનિક ડૉ. શારદાનંદ મિશ્રાએ ૨૦ માર્ચ ૨૦૧૬ માં મુલાકાત લીધી હતી.

ગોરસ ચંબલ નદીના કાંઠા પર આવેલો પ્રદેશ છે જે રાજસ્થાનના રણથંભોરના જંગલથી ફક્ત ૬૫ કિ.મી. દૂર છે. અહી લગભગ ૨,૮૦,૦૦૦ ગીરની ગાયો છે. ૧૬૫૦૦ જેટલા કુટુંબોએ અહી વાડા બનાવ્યા છે જ્યાં ગોપાલક પોતાના પરિવાર સાથે રહે છે. જુલાઈથી ફેબ્રુઆરી દરમ્યાન નદીના કાંઠે પુષ્કળ ઘાસ મળી રહે છે, જ્યાં આ પશુઓ ચરવા જાય છે. ફેબ્રુઆરીથી જુલાઈ દરમ્યાન યુવાન તંદુરસ્ત પશુઓ ઘાસ ચરવા ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, બિહાર, છતીસગઢ અને ઠેઠ મહારાષ્ટ્ર સુધી જાય છે જ્યાં પશુઓને ચરવા ઘાસ અને પીવા માટે પાણી પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. દૂધ દેતી તેમ જ અશક્ત ગાયો ''ગોરસ'' માં જ આખો વર્ષ રહે છે. ઉનાળામાં એમને સૂકા ઘાસ પર નભવુ પડે છે.

આજ, ૨૦૧૬માં, દૂધનો ભાવ પ્રતિ લીટરના ૧૮ થી ૨૨ રૂા. છે જ્યારે માવાનુ વેચાણ ૧૦૦-૧૨૫ રૂા. પ્રતિ કિલોના ભાવે થાય છે. લાકડા અને છાણાની છત હોવાથી મોટા ભાગના દૂધનો માવો બનાવાય છે. આવકનો મુખ્ય સ્રોત, દૂધ અને માવાનું વેચાણ છે. વાછરડાનુ વેચાણ નહિવત છે; કારણ કે ખેતીના યાંત્રિકરણથી બળદનો વપરાશ દિવસે-દિવસે ઘટી રહ્યો છે. ગોપાલકો મુખ્યત્વે ગુર્જર, જાટ, ભરવાડ, યાદવ અને રબારી સમાજમાંથી આવે છે એમની સૌથી મોટી સમસ્યા પીવાના પાણીની છે. સરકાર એમને બહારના ગણતા હોવાથી સરકાર તરફથી કોઈ મદદ ઉપલબ્ધ નથી. ઉપરાંત દિવસના ભાગમાં અને ઘણીવાર તો મહિનાઓ સુધી તેઓ ઘરની બહાર રહે છે. એમને સરકારે આપેલા નાના ટુકડા પર ઘર બાંધીને રહે છે અને તેઓ મતાધિકાર પણ ધરાવે છે.

**- શારદાનંદ મિશ્રા, સં. શાંતીલાલ ગડા, અંધેરી.**

## ઐતિહાસિક ચુકાદો-સિંગલ મધરની જીત

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ શ્રી વિક્રમજીત સેને મહિલાનું સન્માન જળવાઈ રહે એવો અદ્‌ભુત ચુકાદો આપ્યો છે કે, બાળકના પિતાનું નામ આપ્યા વિના મહિલા બાળકની કાયદેસરની વાલી તરીકે પોતાનું નામ આપી શકે છે. આ માટે બાળકના પિતાની મંજૂરીની કોઈ જરૂરિયાત નથી.

દેશમાં અમુક સ્રી એવી છે કે જે કુંવારી માતા બની હોય કે લગ્ન બાદ પતિ સાથે ન રહેતી હોય જેને આપણે સિંગલ મધર તરીકે ઓળખીએ છે. તેવી સ્રીઓ માટે આ ચુકાદો વરદાનરૂપ છે. આજની નારી પુરુષ સમોવડી થવા લાગી છે. વિપરીત સંજોગોમાં તે બાળકનો ઉછેર એકલે હાથે કરવા માટે સક્ષમ છે. કોર્ટના ચુકાદાથી આવી માતાઓ બાળકનો ઉછેર આત્મવિશ્વાસથી કરી શકશે. બાળકના કાયદેસરના વાલી તરીકે માતાના નામને સ્વીકારીને કોર્ટે ખરેખર સિંગલ મધરની લાગણીઓનું સન્માન કર્યું છે, તેમનું ગૌરવ વધાર્યું છે. સમાજનો પણ તેમના તરફ જોવાનો દૃષ્ટિકોણ જરૂર બદલાશે.

**- જસ્મિન દેવાંગ શાહ, બોરીવલી.**

## પત્રપ્રસાદી

ગોરક્ષા પાત્ર નિયમિત મળે છે અને હૃદય સ્પર્શી શબ્દો સાથે ક્ષણભર ભવતારક સત્સંગનો આનંદ આપી જાય છે. ગાગરમાં તમે સાગર સમાવો છો.

ડૉ. માર્કનો પ્રસંગ કૃષ્ણ મસ્તક પર મોરપીછ સમો છે. ગની દહીંવાળાનો શેર યાદ આવી ગયો!

શ્રધ્ધા જ મારી લઈ ગઈ મંજિલ ઉપર મને
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.

આપ આ થોડા પાનામાં જ્ઞાનના ચારેય દ્વાર ખુલ્લા મુકી દો છો. મેળવનારને ઘણું બધું મળી જાય તેમ છે. બસ ભાવક પાસે જાગતું અને ચોંકી ઉઠેલું ચિત જોઈએ બસ! મુંબઈ જેવા જંજાળ ભર્યા મહામાયાવી નગરમાં વસીને આપ જાણે કાદવમાં કમળ ઉગાડી રહ્યા છો. શ્રીમદ્ અને ઓશોની વાણીઓ ઉત્તમ હોય છે.

મકરંદ દવેનો શેર ગમ્યો. મારું જન્મ સ્થાન ગોંડલ વિદ્યાર્થી અવસ્થામાં પાંચ વરસ મકરંદભાઈના સાનિધ્યમાં ગાળ્યા. તેઓ કેવળ કવિ જ નહિ પરંતુ પામેલા પહોંચેલા સંત ઓલિયા હતા. તેઓ જીવનભર ગોંડલમાં રહી ગયા હોત તો ગોંડલ તીર્થ બની ગયું હોત.

**- હરકિસન જોષી, વંડાફળી-૧, જામનગર**

૨. શ્રીમદ્‌ની કષાય સમજનો અમલ થાય તો જીવનો બેડો પાર થઈ જાય. ગેરસમજને દૂર કરનાર કોઈ જોઈએ છે. તે છે સદગુરુ ગુરુ માધ્યમ નિમિત બને છે. દાસબોધની શીખ ઉચિત છે. સત્સંગ નોંધ સામાયિકમાં જરૂર આપો. ક્રાંતિ કરવી સહેલી નથી. પરથમ પહેલાં મસ્તક મુકવાની વાત છે. **ચૌધરી લવજીભાઈ, પો.ગઢા-જિ.મહેસાણા ૩૮૪૦૦૧.**

## શિવાલય હો કે મસ્જીદ હો

**જરૂરી બસ ઝુકી જવું શિવાલય હો કે મસ્જીદ હો**
**નડે તારું ચૂકી જવું શિવાલય હો કે મસ્જીદ હો!**
**તિમિર ઘેરી વળે એવી મહા અજ્ઞાન નિંદ્રાથી**
**ગમે તારું ઊઠી જાવું, શિવાલય હો કે મસ્જીદ હો.**
**ગમ તે માર્ગથી પ્યારે કમળ ચરણો નિકટ તારું**
**થશે સાર્થક પૂગી જાવું શિવાલય હો કે મસ્જીદ હો.**
**ન જો દીવો કે ફાનસ, મીણબતી પણ ફક્ત જો જે**
**પતંગાનું કુદી જાવું શિવાલય હો કે મસ્જીદ હો**
**પરમ આકાશ છે એ તો નથી ત્યાં ભેદ મારગનો**
**તજી ડાળી ઉડી જાવું શિવાલય હો કે મસ્જીદ હો.**

**- હરકિસન જોષી, વંડાફળી-૧, જામનગર**

## નાગરિકો અને પિનકોડ

ટપાલ સેવા ઝડપી અને વ્યવસ્થિત રીતે થાય તેવી અપેક્ષા આપણે રાખી શકીએ, પરંતુ આપણે પિનકોડનો ઉપયોગ કરીએ ત્યારે જ તે શક્ય બની શકે છે આથી તેમાં સહાયરૂપ બનવા માટે પિનકોડનો ઉપયોગ કરવાની દરેકની ફરજ છે. આપણા દેશમાં એક સરખા નામવાળા ઘણા ગામો છે ત્યારે પિનકોડને કારણે નિર્ધારિત સ્થળે ટપાલ પહોંચાડવામાં સરળતા રહે છે.

પત્રો ટપાલ પેટીમાં નાંખતા પહેલાં પિનકોડ લખવો જોઈએ. તે સરનામાના અંત ભાગમાં સ્પષ્ટ અને ઉકલી શકે તેવી રીતે અને ટૂંકમાં નહિ લખતાં પૂરેપૂરા છ અંકોમાં અને શક્ય હોય ત્યાં સુધી અંગ્રેજી આંકડામાં લખવામાં આવે તો ટપાલ નિર્ધારિત સ્થળે ઝડપથી પહોંચી શકે છે તે સમજવાની પણ જરૂર છે.

ક્યા સ્થળનો ક્યો પિનકોડ છે તેની માહિતી માટે ભારતના ટપાલ ખાતા તરફથી ઓલ ઈન્ડિયા પિનકોડ ડિરેક્ટરી પણ બહાર પાડવામાં આવે છે. તે ઉપરાંત દરેક પોસ્ટલ સર્કલના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ તરફથી જે તે પ્રદેશની પ્રાદેશિક ભાષાની પિનકોડ ડિરેક્ટરી બહાર પાડવામાં આવતી હોય છે. આવી ડિરેક્ટરીઓનું વેચાણ પોસ્ટ ઓફિસોમાંથી થાય છે.

**- લેખક: મધુકર દિ. ધ્રુવ, નિવૃત્ત ન્યાયાધીશ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ તથા પૂર્વ ચેરીટી કમિશનર છે.**

## મહાજન ગૌશાલા, ભાવનગર

૧. મને હાઈ બીપી, ડાયાબીટીશ, પ્રોસ્ટેજની તકલીફ ૨૦૦૩ છે. પણ ગોમૂત્ર અર્ક કુદરતી વરદાન છે. એનાથી બીપી ડાયાબીટીશ પણ કંટ્રોલમાં રહે છે. ફ્રેશ રાખે છે અને આનંદમાં રહું છું. અર્કથી બધાજ પ્રોબ્લેમ ગાયબ થઈ ગયા શરીર તંદુરસ્ત રહે છે. અર્ક ત્રણેક વરસથી નિયમિત લઉં છું.

**- બળદેવભાઈ લક્ષ્મણ સોલંકી, ઉ.વ. ૭૩, મો.૯૭૨૫૯૬૫૬૪૫.**

૨. મને ૨૦૧૨ માં કેન્સરની શરૂઆત થયેલ. એક વરસ એલોપથી દવા કરેલ. ત્રણ વરસથી અર્ક લઉં છું હાલમાં બીલ્કુલ સારું છે. ઘણો ફાયદો થયો છે.

**- ભાવનાબેન યોગેશભાઈ, ઉ.વ.૪૪, મો.૯૪૨૬૨૮૯૯૬૨.**

૩. મને ૨૦૦૫માં કેન્સરનું નિદાન કરેલ. અમદાવાદ સીવીલમાં સારવાર કરાવેલ પણ છેલ્લા દસ વરસથી નિયમિત અર્ક લઉં છું. તેથી ઘણો ફાયદો થયો છે. અત્યારે પેટનું કેન્સર નહીવત છે. પ્રાઈવેટ ડોક્ટરની દવા સદંતર બંધ છે. અર્ક ચાલું છે.

**- સંદેશ કૃષ્ણચંદ બોઝ, મો.૯૮૯૮૭૯૮૭૦૫.**

**મુંબઈમાં ગોમૂત્ર અર્ક મેળવવા-સંપર્ક**
**રમેશભાઈ દોશી, મલાડ, ૯૪૨૭૬૬૩૪૭૩**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. રેખાબેન સમતાની | - અંધેરી | ૧૦૦૦/- |
| ૨. શૈલેશભાઈ દિવાન | - મુંબઈ | ૧૦૦/- |
| ૩. દિપકકુમાર ત્રિવેદી | - ગાંધીનગર | ૧૦૦/- |
| ૪. સુધાબેન પંડયા | - વડોદરા | ૩૦૦/- |
| ૫. ડૉ. વિક્રમભાઈ | - ઝઘડિયા | ૨૦૧/- |
| ૬. સી. એમ. પટેલ | - આણંદ | ૧૦૦/- |
| ૭. ધીરૂભાઈ જોગીયા | - માલસર | ૧૦૦/- |
| ૮. હેમાબેન ડી. પાલા | - કાંદિવલી | ૧૦૦/- |
| ૯. જાગેશભાઈ અજમેરા | - મલાડ | ૨૦૦/- |
| ૧૦. સેજલબેન કે. દોશી | - મલાડ | ૧૦૦/- |
| ૧૧. ચંદ્રિકાબેન સંઘરાજકા | - ઘાટકોપર | ૧૦૦/- |

**નોંધ: આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

# દીવાલ પર કૉફી

ઈટાલીના વેનિસ શહેરની બાજુમાં આવેલા એક નાનકડા શહેરની આ વાત છે. એ શહેરની એક આલિશાન કૉફીશૉપમાં બે મિત્રો દાખલ થયા. એ લોકો ઈટાલીના આ શહેરમાં પ્રથમ વખત આવ્યા હતા. બંને જણે ઈટાલીની પ્રખ્યાત કૉફીનો ઑર્ડર આપ્યો. વેઈટર કૉફી મૂકી ગયો.

બંને જણ કૉફીનો નિરાંતે સ્વાદ લેતાં વાતો કરી રહ્યા હતા. એ વખતે એક ઈટાલિયન એમની બાજુમાં ટેબલ પર આવીને બેઠો. એણે વેઈટરને બોલાવ્યો અને કહ્યું 'બે કપ કૉફી! એક મારા માટે અને એક કપ કૉફી પેલી દીવાલ પર!'

પેલા બંને જણને વિચિત્ર ઑર્ડર સાંભળીને નવાઈ લાગી. એ ઈટાલિયન માણસે એક જ કપ કૉફી પીધી, પરંતુ પૈસા બે કૉફીના ચૂકવ્યા. એ જતો રહ્યો પછી વેઈટરે કૉફીશૉપની એક દીવાલ પર લગાડેલા નોટિસબોર્ડ જેવી જગ્યાએ એક કાગળ ચોંટાડી દીધો, જેના પર લખ્યું હતું 'એક કપ કૉફી.'

બંને મિત્રોને આખી ઘટના રસપ્રદ લાગી. એમને આશ્ચર્ય પણ ભારોભાર થયું. એ લોકો આ ઘટનાને હજુ મમળાવતા હતા ત્યાં જ બીજા ઈટાલિયન કૉફીશૉપમાં દાખલ થયા.

એમણે પણ વેઈટરને બોલાવી એ જ રીતે વિચિત્ર ઑર્ડર આપ્યો. 'ત્રણ કપ કૉફી! બે કપ અહીં અમને આપજો અને એક કપ ત્યાં દીવાલ પર!'

વેઈટર કૉફી આપી ગયો. બંને જણે બે કપ કૉફી પીધી અને ત્રણ કપના પૈસા ચૂકવ્યા. જેવા એ બંને ગયા એટલે તરત જ વેઈટરે પેલી દીવાલ પર એક કાગળ ચીપકાવી દીધો. જેના પર લખ્યું હતું 'એક કપ કૉફી!'

પેલા બંને મિત્રોને હવે ખૂબજ નવાઈ લાગી. થોડીવાર માટે તો ત્યાં કોઈકને આ વિશે પૂછી જોવાનું મન પણ એમને થઈ આવ્યું, પરંતુ 'કદાચ ઈટાલીના એ વિસ્તારમાં આવી કોઈ વિચિત્ર પ્રથા હશે' એમ માનીને એ લોકોએ આવી અજાણી જગ્યામાં પૂછપરછ કરવાનું માંડી વાળ્યું અને પોતાનું બિલ ચુકવીને બંને જણ ત્યાંથી રવાના થયા.

થોડા દિવસ પછી એ જ રસ્તે પાછા ફરતી વખતે નસીબ જોગે એમને એ જ કૉફીશૉપમાં જવાનું થયું. એ લોકો ઑર્ડર આપીને બેઠા હતા એ જ વખતે એક સાવ ફાટેલાં કપડાં પહેરેલો અને ભિખારી જેવો લાગતો માણસ એ આલિશાન કૉફીશૉપમાં દાખલ થયો. પેલા મિત્રોની નવાઈ વચ્ચે આવા માણસને પણ વેઈટરે એટલા જ આદર-સન્માનથી બેસાડ્યો. જેટલા આદર-સન્માન એ અમીર ગ્રાહકને આપતો હતો. એ બંનેને નવાઈ લાગી. કારણકે, મોટે ભાગે તો આવી જગ્યાએ આવા માણસોને હડધૂત કરીને કાઢી મૂકવામાં આવતા હોય છે, પરંતુ અહીં તો ઊલટું જ જોવા મળી રહ્યું હતું. વેઈટર આવા માણસને પણ એવા જ માનથી અને આદરથી બોલાવતો હતો અને બેસાડતો હતો.

એ ભિખારી જેવા માણસે પાણી પીધું. પછી દીવાલ સામે જોયું અને પોતાની ધૂનમાં કૉફીશૉપમાં ધીમા અવાજે વાગી રહેલા ગીત પર હાથ-પગ હલાવતો બેસી રહ્યો. વેઈટર એનો ઑર્ડર લેવા આવ્યો ત્યારે એ બોલ્યો, 'એક કપ કૉફી! દીવાલ પરથી!' આરામથી એ માણસે કૉફી પીધી અને પછી જતો રહ્યો. ન તો એણે કૉફીના પૈસા ચૂકવ્યા કે ન તો પેલા વેઈટરે માગ્યા' એના ગયા પછી વેઈટરે પેલી દીવાલ પર ચોંટાડેલા 'એક કપ કૉફી' લખેલ એક ચિઠ્ઠી ઉખેડી, ફાડી, કચરા ટોપલીમાં નાખી.

હવે પેલા બંને જણને લાઈટ થઈ. ગરીબ અને પૈસેટકે ન પહોંચી શકતા પોતાના શહેરના માણસો આવી આલિશાન કૉફીશૉપમાં હક તેમ જ સ્વમાનથી પ્રવેશી શકે અને કૉફી પી શકે એ માટે એ શહેરના માણસોએ કેવો અદ્‌ભુત ઉપાય શોધી કાઢ્યો હતો!

પેલા બંને મિત્રો આ જોઈને છક થઈ ગયા. ગળગળા થઈ ગયા. એમણે વેઈટરને બોલાવ્યો અને એમનો ઑર્ડર સુધરાવ્યો. નવો ઑર્ડર આપતાં એમણે પણ કહ્યું કે, 'ત્રણ કપ કૉફી! બે અહીં ટેબલ પર અમને આપજો અને એક કૉફી ત્યાં દીવાલ પર!'

**- ડૉ. આઈ. કે. વીજળીવાળા**

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2016
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

To,